ક્રમાંક/અનદ/અમશ/વ/માધ્ય.હાજરીકો-ડોન/૫૧૦૬૭-૮૬

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨
ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

તા. ૨૪/૬/૯૬

વિષય:- બિન સરકારી માધ્યમિક શાળાઓની સરાસરી હાજરી કો-ડોન કરવા અંગે.

ઉપરોકત વિષય અન્વયે રાજયની બિન સરકારી માધ્યમિક શાળાઓની સરાસરી હાજરી કો-ડોન કરવા સંબંધમાં પુરતા આધારો વગર શાળાઓ દ્વારા અત્રે સીધી દરખાસ્ત મોકલી આપવામાં આવે છે.તો કેટલીક વખત આપની કચેરી દ્વારા નિયત નમુનામાં યોગ્ય આધારો, વિગતો અને સ્વયંસ્પષ્ટ ભલામણ વગરની દરખાસ્તો અત્રે મોકલવામાં આવે છે જે યોગ્ય નથી તો આ સંબંધકમાં નીચેની સુચનાઓ ધ્યાને રાખવી.

૧: દરખાસ્ત નિયત નમુનામાં અને સંપુર્ણ આધારો તુટના કારણો અને આપનો સ્પષ્ટ અભિપ્રાય સાથેની હોવી જોઈએ.

૨: છેલ્લા પાંચ વર્ષમાં વર્ગોની વિદ્યાર્થીની હાજરી દર્શાવતું પત્રક હોવું જોઈએ.

૩: જે વર્ષની હાજરી કો-ડોન કરવાની હોય તે વર્ષની રજી.સંખ્યા બાર માસની હાજરી, સરેરાશ હાજરી અને તે આધારે સરેરાશ તુટની સંખ્યા જણાવવી જોઈએ.

૪: દરખાસ્તમાં રજીસ્ટર સંખ્યા અવશ્ય દર્શાવવી જોઈએ અને આ રજી.સંખ્યામાં ભુતિયા વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવી જોઈએ.

૫: વર્ગોની સંખ્યામાં ભુતિયા વર્ગો અને ખોટી હાજરી પુરાતી ન હોય તેની ચકાસણી કરવી જોઈએ.

૬: વર્ગોની સંખ્યાને ધ્યાને લઈ નિયમ મુજબ દરેક ધોરણનો પ્રથમ વર્ગ પુર્ણ સંખ્યાથી ભરાયા બાદ જ બીજા વર્ગની સંખ્યા ધ્યાને લઈને આ રીતે જે તે ધોરણના છેલ્લા વર્ગની હાજરી ની તુટ કો-ડોન કરવાની દરખાસ્ત કરવી જોઈએ. આમ કરતાં પહેલા વર્ગ ઘટાડાની જરુર પડે તો તે આનુસંગિત ઘટિત પગલા ભરીને વર્ગ ઘટાડાની કાર્યવાહી અપનાવવી જોઈએ.

૭: તુટના કારણો વાજબી અને પુરતા હોવા જોઈએ અને તેની ચકાસણી થવી જોઈએ.

૮: આમ સ્વયંસ્પષ્ટ અને યોગ્ય રીતે ક્ષતિ રહીત દરખાસ્ત અત્રે મોકલવી જોઈએ દરખાસ્તનો નમુનો આ: સાથે સામેલ છે.

૯: ૧૦ કિ.મી.ની ત્રિજયામાં અન્ય સંસ્થાઓ આવેલી હોય તો આવી પાસ પાસેથી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની તુટ હોય તે નિવારીને જરુર જણાય ત્યાં તે આનુસંગિત પગલા ભરવા જોઈએ જેથી કરીને બને સંસ્થાની હાજરીની તુટ માફ કરવાના પ્રશ્નો ન બને.

ઉપરોકત બાબતો ધ્યાને રાખીને દરખાસ્તો અત્રે મોકલવા સુચના આપવામાં આવે છે.

સહી/પ.વી.પટેલ
સંયુકત શિક્ષણ નિયામક(માધ્ય.)
ગાંધીનગર.

:: 'સરાસરી હાજરી કોન્ડોન કરવા માટે અરજી પત્રક' ::

| અ.નં.. | વિગત | માહીતી |
|---|---|---|
| ૧) | શાળાનું નામ અને પુરેપુરુ સરનામું. (તાલુકો, જિલ્લો સાથે) | |
| ૨) | શાળા શરુ થયાનું વર્ષ. | |
| ૩) | સંચાલક મંડળનું નામ અને પુરેપુરુ સરનામું. | |
| ૪) | શાળા શહેર વિસ્તારની છે. કે ગ્રામ્ય વિસ્તારની. | |
| ૫) | શાળાની ૧૦ કિ.મી. અંતરે આવેલી શાળાઓના નામ.(૧)<br>(૨)<br>(૩)<br>(૪)<br>(૫) | |
| ૬) | શાળાની નજીકમાં આવેલ ઔધોગિક વિસ્તાર, સંવેદનશીલ વિસ્તાર, પછાત-વિસ્તાર, લઘુમતિ વિસ્તાર વગેરે વિગતો હોય તે(આધારો સાથે) | :<br>: |
| ૭) | શાળા જ્યાં આવેલી છે તે વિસ્તાર (ગામની)ની વસ્તી આધાર સાથે (તાલુકા મામલતદારનું પ્રમાણપત્રસાથે) | |
| ૮) | ૧૦ કિ.મી.ના અંતરે શાળાઓ આવેલી છે તેની વિગતો. | |

| શાળાનું નામ | ધોરણ | વર્ગોની સંખ્યા | વિધાર્થીઓ ની સંખ્યા. |
|---|---|---|---|

૯) શાળાના જે વર્ગોની સરાસરી.

અ) હાજરીની તુટ માફ કરવાની છે તેની વિગત.

| વર્ષ | ધોરણ | વર્ગોની સંખ્યા | વિધાર્થીઓની રજીસ્ટર્ડસંખ્યા | સરેરાશ હાજર સંખ્યા | સરેરાશ તુટની સંખ્યા. |
|---|---|---|---|---|---|

૧૦) છેલ્લા પાંચ વર્ષની સરેરાશ હાજરી પેટા(૬)માં જણાવેલ વિગતે આપવી.(અલગ પત્રકમાં)

૧૧) આગળના છેલ્લા પાંચ વર્ષમાં જો કોઇ ધોરણ/વર્ગની સરાસરી હાજરી કોન્ડોન કરેલ છે.? તો તેની વિગત (હુકમની ઝેરોક્ષ નકલ બીડવી.)

| વર્ષ | ધોરણ | વર્ગની સંખ્યા | રજી. સંખ્યા | તુટની સંખ્યા |
|---|---|---|---|---|

૧૨) જે સરેરાશ હાજરી કોન્ડોન કરવાની છે. તેના સચોટ અને વ્યાજબી પણાના કારણો (આધાર સાથે જણાવવા)

ઉપરોકત માહીની મેં જાતે સંસ્થાના રેકર્ડના આધારે દર્શાવેલ છે. અને આ દર્શાવેલ માહીતી સાચી છે. અને જો માહીતી ખોટી માલુમ પડશે તો હું અંગત જવાબદાર ઠરીશ.

સ્થળ :-

આચાર્યની સહી/સિકકો.

તારીખ :-

'શ્રીજી ટાઇપ'
'૪૧૧૯૬'

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કરવાની વિગતો :-

(૧૩) સ્થળ તપાસ કરનાર અધિકારીએ
પુરતી ચકાસણી કરેલ છે કે કેમ?
અને હાજરી ઘટવાના કારણો
દર્શાવવા.

(૧૪) સદર સંસ્થામાં અગાઉ ભુતિયા વર્ગો/
ભુતિયા વિદ્યાર્થીઓ હતા કે કેમ?
હાજરી અંગે કોઈ ગેરરીતી
છેલ્લા પાંચ વર્ષમાં સંસ્થાના વાર્ષિક
નિરીક્ષણ વખતે માલુમ પડેલી છે કે
કેમ? તેની વિગતો.

(૧૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો હાજરી
તુટ માફ કરવા અંગેનો સ્પષ્ટ
અભિપ્રાય.

(૧૬) આથી પ્રમાણીત કરવામાં આવે છે કે, (સંસ્થાનું નામ).............
..........................દ્વારા જે વિગતો રજુ કરેલ છે
તેની ચકાસણી કરતાં બરાબર માલુમ પડેલ છે અને................
વર્ષમાં ધોરણ................માં વર્ગ.............ની સરેરાશ
હાજરીની તુટ (સંખ્યા)................માફ કરવામાં ભલામણ
કરવામાં આવે છે. / આવતી નથી.

જિલ્લા શિક્ષણાધિકારીની સહી/સીકકો.

નોંધ :- જે વર્ષની હાજરીની તુટ માફ કરવાની હોય તે વર્ષના દરેક
માસનો બાર માસ સુધીના માસવાર હાજરીની વિગતો પત્રકમાં
દર્શાવવી.

| માસનું નામ | ધોરણ | વર્ગ(અ-બ-ક-વગેરે) | રજીસ્ટર સંખ્યા | હાજરી તુટ | કુલ સરેરાશ |
|---|---|---|---|---|---|